## ||ॐ શ્રી સાઈરામ ||

## || ॐ શ્રી સાઈ સાધુમાનસપરિશોધકાય નમ: || (૯૬)

## સાધકના અંત: કરણને શુદ્ધ કરવાવાળા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

૧૯૬૨ સાલની આ વાત છે. તે વખતે શ્રી. પી.કે. સાવંત નામના સહૃદયી અને સાધક વૃત્તિના સદગૃહસ્થ મહારાષ્ટ્ર રાજ્યના કૃષિમંત્રી હતા. જે શિરડી સાઇ સંસ્થાનના અધ્યક્ષ પદે પણ વિરાજમાન હતા. તેમને જ્યારે શિરડી સાઈનો પુનરાવતાર ‘ સત્ય સાઈ ' નામથી પ્રસિદ્ધ છે એવી ખબર પડી, ત્યારે તે શ્રી. લક્ષ્મણદાસ ભાટિયા નામના એક સત્યસાઈ ભક્તના સંપર્કમાં આવ્યા. જ્યાં તેમનો પરિચય શ્રી. કાકા સાહેબ દીક્ષિતના ભત્રીજા શ્રી માધવ દીક્ષિત તેમજ ડૉ. ગઢિયા સાથે થયો તથા સ્વામીની લીલા અને ચારિત્ર વિશે તેમને હજુ વધારે માહિતી મળી.

એકવાર શ્રી. પી.કે. સાવંત પ્રશાંતિનિલયમ વિશે કાંઈક માહિતી મેળવવા માટે શ્રી. ભાટિયાના ઘરે ગયા હતા ત્યારે ત્યાં તેમણે લાંબી લાઈન જોઈ. તેમણે કુતૂહલતાથી પૂછ્યું“ આ શું છે? ” ત્યારે તેમને ખબર પડી કે શ્રી. ભાટિયાનો જૂનો નોકર ખૂબ જ બીમાર હતો અને તેને સારવાર ન મળવાથી ખૂબ જ અસ્વસ્થ હતો. તે જ વખતે ડૉ. ગઢિયાએ અંત: પ્રેરણાથી સ્વામીનું સ્મરણ કરીને એક ચપટી ભરીને વિભૂતિ તેને સેવન કરવા માટે આપી અને વિભૂતિ સેવન કર્યાના અડધા કલાકમાં જ તે પૂરી રીતે સાજો થઈ ગયો. આ વાત સાંભળીને ઈમારતના અન્ય નોકરો પણ વિભૂતિ લેવા માટે આવ્યા હતા અને આ તેની જ લાઈન હતી.

એટલામાં જ શ્રી. સાવંત ત્યાં આવ્યા અને તેમણે ડૉ. ગઢિયા પાસે આ વિભૂતિ પોતાના મુખમાં નાંખવાની જીદ કરી. ડૉ. ગઢિયા પહેલા આ વાત માટે તૈયાર નહોતા. તે શ્રી સાવંતને બોલ્યા-“ હું આ વિભૂતિ તમારા હાથમાં આપું છું પછી તમે તેનું સેવન કરો. ” પરંતુ, શ્રી. સાવંતની જીદ સામે તેમને નમતું જોખવું પડ્યું અને તેમણે એક ચપટી ભરીને વિભૂતિ શ્રી. સાવંતના મુખમાં નાંખી અને તે જ વખતે ત્યાં ઉપસ્થિત એક ફોટોગ્રાફરે તેમનો ફોટો પાડ્યો. ત્યાર પછી ડૉ. ગઢિયા ગભરાયા, તેમને એવું લાગ્યું કે આ ફોટો જો કોઈ સ્વામીને બતાવશે તો તે ગુસ્સો કરશે.

પરંતુ, જ્યારે તે ફોટો તેમના હાથમાં આવ્યો, ત્યારે તે ખરેખર આશ્ચર્ય ચકિત થઈ ગયા કારણકે જે વખતે ડૉ, ગઢિયા શ્રી. સાવંતના મુખમાં વિભૂતિ નાખતા હતા, તે વખતે પાછળની દીવાલ પરના સ્વામીના ફોટા માંથી એક પ્રકાશ કિરણ નીકળીને શ્રી સાવંત સુધી જતા તેમાં દેખાતું હતું.

આ ફોટો લઈને જ્યારે ડૉ ગઢિયા સ્વામી પાસે ગયા ત્યારે સ્વામી બોલ્યા, " જ્યારે તું તે વિભૂતિ શ્રી સાવંત ના મુખ માં નાખતો હતો, ત્યારે તેમના મનમાં એવો વિચાર આવ્યો કે, આ વિભૂતિ શિરડી ની વિભૂતિ જેટલી જ પ્રભાવી હશે?" અને સ્વામીએ તેમના મનની શંકા તરત જ દૂર કરી.

સાધકના અંતઃકરણની શુદ્ધિ કરવા માટે જ સ્વામીએ આ લીલા કરી હતી. આગળ જતા સ્વામીએ શ્રી સાવંત ને શ્રી સત્ય સાંઈ ટ્રસ્ટ તેમજ વિદ્વાન મહાસભાનું અધ્યક્ષ પદ સોંપ્યું.

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||